ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

# શ્રધ્ધાળુઓની દશામાને ભાવભરી વિદાય

## રાજભવન કવાટર્સની બાજુમાં શરબત-પાણી તો ઈન્દ્રોડા ખાતે ભકતો માટે ચા-પાણી અને મહાપ્રસાદનું વિતરણ કરાયું







ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની આસપાસના વિસ્તારમાં ભકતો દ્વારા દશામાની મૂર્તિનું વિસર્જન કરાયું હતું. જેમાં રાજભવન કવાટર્સની બાજુમાં, ઈન્દ્રોડા, સેકટર-૩૦ પુલ પાસે, ધોળાકુવા, રાયસણ, સહિતના સ્થળો પર દશામાની મૂર્તિ વિસર્જન શ્રધ્ધાળુઓ દ્વારા કરવામાં આવી હતી. મોડી રાતથી ભકતો વાજતે ગાજતે દશામાની મૂર્તિ નદીમાં વિસર્જન માટે લઈને આવવાની શરૂઆત થઈ ગઈ હતી. જયારે ઈન્દ્રોડા ખાતે ભકતો માટે મીનરલ પાણી, ચા અને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે રાજભવન ખાતે શરબત-પાણી અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ઈન્દ્રોડા ખાતે ડી.જે.ના તાલે રાસ-ગરબા પણ ભકતો રમ્યા હતા. જયારે મૂર્તિ વિસર્જન સ્થળ ખાતે ફાયર બ્રિગ્રેડની ટીમ તૈનાત કરાઈ હતી.

માતાજીની મૂર્તિ વિસર્જન માટે સાબરમતિ નદીમાં ભકતોનું ઘોડાપુર ઉમટયું હતું. શહેર તેમજ જિલ્લામાંથી ૨૦ હજારથી વધુ ભકતો મૂર્તિ વિસર્જન માટે ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં આવે છે. મોડીરાતથી મૂર્તિ વિસર્જન માટે શરુ થઈ જતા ભકતો સવાર સુધી સતત આવતા રહ્યા હતા. સાબરમતી નદીના કિનારે શ્રધ્ધાળુઓએ પૂજા-અર્ચના કરી ભારે હૈયે મૂર્તિનું વિસર્જન કર્યું હતું. ત્યારે માતાજીના ભકતોને કોઈ તકલીફ ન પડે તે માટે આયોજકો તેમજ ગ્રામજનો દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જયારે વર્ષોથી માતાજીની મૂર્તિ વિસર્જન માટે આવતા ભકતો માટે પાર્કીંગથી લઈને નદી સુધી લાઈટ તેમજ માર્ગ તૈયાર કરવામાં આવ્યો હતો. જયારે પાર્કીંગથી નદી સુધી ગામના ૩૦૦ થી વધુ યુવાનો ખડે પગે સેવા આપી હતી.

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૧૨ના રોજ પવિત્રા એકાદશીના રોજ પવિત્રાના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન રાતના ૯ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આશિષભાઈ વ્યાસ, અભિલાષા એપાર્ટમેન્ટ પ્લોટ ૩૪૪/એ એસ-૫ ચર્ચની સામે યોજાશે.

● શુકલ પક્ષની એકાદશીએ રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે લઘુરૂદ્રાભિષેક સવારે ૮.૩૦ કલાકે અશોકકુમાર મહેતા, પ્લોટ નં. ૬૮/૧, સે-૩-એ (ન્યુ) ખાતે મહાપ્રસાદ સાથે યોજાશે.

# ડભોડા રોડ ઉપર ટ્રેક્ટર અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં એકનુ મૃત્યુ

## પેસેન્જર ભરીને જતી રિક્ષાને સામેથી આવતી ટ્રકે અડફેટે લીધી : એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૨૧

ચિલોડાથી પેસેન્જર ભરીને રીક્ષાચાલક ડભોડા તરફ જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવી રહેલા એક ટ્રેક્ટરે રિક્ષાને અડફેટે લઈ લીધા ગંભીર અકસ્માત સર્જાયો હતો અને રિક્ષામાં સવાર બે મુસાફરો રીક્ષામાંથી ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા બે મુસાફરો પૈકી એકનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજયુ હતું જ્યારે એક મુસાફરને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે. ડભોડા પોલીસે ટ્રેક્ટર ચાલક યુવાન સામે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ ડભોડા ગામમાં રહેતા પ્રકાશભાઈ સુરેશભાઈ ભટ્ટ અને શૈલેષભાઈ જીવાભાઈ પટેલ બંને યુવાનો નાના ચિલોડાથી એક પેસેન્જર રીક્ષામાં બેઠા હતા અને ડભોડા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ડભોડા હુડકો પાસે સામેથી આવતા ટ્રેક્ટરના ચાલકે રિક્ષાને અડફેટે લઈ લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે રિક્ષામાં સવાર ઉપરોક્ત બંને યુવાનો રીક્ષામાંથી બહાર ફેંકાઈ ગયા હતા અને બંનેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માતમાં પ્રકાશભાઈ સુરેશભાઈ ભટ્ટનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે શૈલેષભાઈ પટેલને ગંભીર ઈજાઓ થતાં અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ ટ્રેક્ટર ચાલક ટ્રેક્ટર લઈને ફરાર થઈ જવા પામ્યો હતો. ડભોડા પોલીસે ફરાર થઈ ગયેલા ટ્રક ચાલક આરોપી સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

# આ વર્ષે રાખડીના ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૧

ભાઈ બહેનના હેતનુ પર્વ એટલે રક્ષા બંધન.. ભાઈના હાથ પર રાખડી બાંધીને બહેન ભાઈના દિર્ઘાયુ જીવન માટે અને તંદુરસ્તી માટે પ્રાર્થના કરે છે. ત્યારે આ પર્વને હવે ગણતરીના દિવસો આડે રહ્યા છે. ત્યારે બજારમાં અવનવી ફેન્સી રાખડીઓનું આગમન થઈ ગયું છે. જેમાં બાળકો માટે સ્પીનરવાળી, મ્યુઝીકલ લાઈટીંગવાળી, તેમજ મોટું-પતલુ, પોકીમેન, સ્પાઈડર મેન રાખડીઓનું બજારમાં ધુમ વેચાણ થઈ રહ્યું છે. તો બીજી તરફ સુખડ, રૂદ્રાક્ષ અને જરદોશી રાખડીઓમાં વિવિધતા જોવા મળી છે. જેમાં વીરા, ગણપતિ, ઓમ, સ્વસ્તિક સહિતની ફેન્સી રાખડીઓ ખરીદી કરવા બહેનો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. જયારે બજારમાં રૂ. ૧૦ લઈને રૂ. ૫૦૦ સુધીની રાખડીઓ ઉપલ્બ્ધ છે, પરંતુ રૂ. ૫૦ થી ૧૦૦ની રેન્જની રાખડીઓ મહિલાઓ ખરીદી રહી છે. ચાલુ વર્ષે સરકાર દ્વારા જીએસટી ટેક્ષ હટાવી દેવામાં આવતા રાખડીઓના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.





રક્ષાબંધનનો તહેવાર એટલે ભાઈ બહેનનો તહેવાર.. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આ પર્વમાં ભાઈના હાથે રાખડી બાંધી બહેન જીવનમાં સુખ સમૃધ્ધિ માટે આશિર્વાદ પાઠવે છે. તેના બદલામાં ભાઈ બહેનની રક્ષા કરવાનું વચન આપે છે. આ રક્ષાબંધનના પર્વને ગણતરીના દિવસો આડે રહ્યા છે. ત્યારે શહેરના માર્કેટમાં અવનવી ફેન્સી રંગબેરંગી રાખડીઓનું આગમન થઈ ચુક્યું છે. બહેનો પોતાના ભાઈઓ માટે રાખડીની ખરીદી કરવા માટે બજારમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગત્ વર્ષ કરતા બજારમાં રાખડીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. નાના બાળકો માટે સ્પીનર, મોટું પતલુ, છોટાભીમ, બાહુબલી, મ્યુઝીકલ તેમજ લાઈટીંગવાળી રાખડીએ અનેરુ આકર્ષણ જમાવ્યું છે. યુવા વર્ગ માટે જરદોશી, ડાયમંડ, રૂદ્રાક્ષ, રજવાડી, કલકત્તી, બનારસી, અમેરીકન ડાયમંડ કલેકશનની રાખડીઓ બજારમાં વેચાણ થઈ રહી છે. રક્ષાબંધન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે પરંતુ બજારમાં જોઈએ તેવી ઘરાકી જોવા મળતી નથી તો બીજી તરફ નાના વેપારીઓએ દબાણના ભયના કારણે પોતાના સ્ટોલ શરુ કર્યા નથી. ત્યારે આગામી દિવસોમાં રાખડી બજારમાં બહેનોની ભારે ભીડ જોવા મળશે.

# શહેરની મધ્યમાં મીના બજાર સમસ્યાઓનું ઘર બન્યુ છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની મધ્યમાં જુના સચિવાલય ખાતે આવેલ મીના બજાર અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. દબાણો, ઉબડ-ખાબડ માર્ગ, લાઈટ અને પાર્કીંગ સહિતનો અભાવ રહેલો છે. મીના બજારમાં ઘર વપરાશની ચીજવસ્તુથી લઈને અનેક ઉપયોગી વસ્તુઓનું વેચાણ થતુ હોવાથી રોજના હજ્જારો નગરજનો મીના બજારની મુલાકાત લે છે. જેથી ચોમાસામાં જુના સચિવાલય આવતા કર્મચારીઓ અને નગરજનોની હાલત કફોડી બની જવા પામે છે. જેને અનુલક્ષી મીના બજારની સમસ્યાઓનો તુરંત ઉકેલ લાવવા જાગૃત નાગરીક પરિષદના સભ્યોએ માંગ કરી છે.

જાગૃત નાગરીક પરિષદની તાજેતરમાં વાર્ષિક બેઠક જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં મીના બજારનો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો હતો. મીના બજારમાં એ થી ઝેડ સુધીની બધી ચીજવસ્તુઓ, શાકભાજી વગેરે વસ્તુ સસ્તી અને સરળતાથી મળી રહે છે. સચિવાલયના કર્મચારીઓ ઉપરાંત સ્ટેટ બેંક, આઈઓબી, નાગરીક બેંકની મુલાકાતે આવતા નગરજનો મીના બજારમાં ખરીદી કરવા આવે છે. મીના બજારમાં રોજના ૧૦ હજારથી વધુ નાગરીકો ખરીદી કરવા માટે આવન જાવન કરે છે. ત્યારે મીના બજારમાં વરસાદી પાણીના ભરાવાને પગલે નગરજનોને કાદવ કિચડથી ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. મીના બજારમાં પાર્કીંગની વ્યવસ્થા ન હોવાથી આડેધડ વાહનો પાર્ક કરાતા અન્ય વાહન ચાલકોને હેરાની ભોગવવી પડે છે. જયારે મીના બજાર તરફનો માર્ગ અત્યંત ખરાબ હાલતમાં છે. મીના બજાર ખાતે અનેક ભોજનાલયો આવેલા છે જેને પગલે સમગ્ર વિસ્તારમાં ગંદકી પણ ફેલાયેલી જોવા મળે છે. જયારે રાત્રીના સમયે અસામાજીક તત્વો અહીં અડીંગો જમાવી બેસે છે. જેથી મીના બજારના વિવિધ પ્રશ્નો તાત્કાલીક અસરથી ઉકેલવા જાગૃત નાગરીક પરિષદના સભ્યોએ તંત્ર સમક્ષ માંગ કરી છે.

# શૌર્ય મહાયાત્રાના બાળસેવકો સાથે બર્થ ડે પાર્ટીમાં 'સુખડી' કટીંગ કરાયુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના રાધે રાધે ગ્રુપના યુવા સ્વયંસેવક રાહુલ સુખડિયા દ્વારા તેમના જન્મદિનની ઉજવણીનું આયોજન શૌર્ય મહાયાત્રામાં ૫૫૧ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ ગૌરવભેર હાથમાં લઈને ચાલવાની સેવા આપનાર શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સંચાલિત સમર્પણ હોસ્ટેલના ૨૫૦ બાળકો સાથે ઉજવ્યો હતો. આ બાળકો સાથે કેકના બદલે ચોખ્ખા ઘીની 'સુખડી' કટિંગ કરવાની નવી પહેલ કરવામાં આવી હતી. આ સાથે કેમ્પસમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી અને બાળકોને ગરબાનો આનંદ પણ કરાવાયો હતો. આ કાર્યક્રમમાં રાધે રાધે પરિવારના રાહુલ સુખડિયા ઉપરાંત સુરજ મુંજાણી, તન્મય પટેલ સહિત સભ્યો તથા સ્કૂલના ટ્રસ્ટી ગણ ઉપસ્થિત રહ્યા હતા.




# જુગારના ત્રણ સ્થળો પર દરોડા પાડી પોલીસે ૧૧ શકુનિઓ પકડયા

## આદીવાડામાંથી ત્રણ અને સેન્ટ્રલ વિસ્ટામાંથી ચાર તથા રતનપુર ગામમાંથી ચાર જુગારીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ પાસે સેન્ટ્રલ વિસ્ટામાં સેક્ટર-૨૧ પોલીસે દરોડો પાડી ચાર જુગારીઓને જુગાર રમતા પકડી પાડયા હતા તો બીજી તરફ બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસે આદીવાડા ગામમાં દરોડો પાડીને ત્રણ શકુનિઓને પકડી લીધા હતા. તે ઉપરાંત ડભોડા પોલીસે રતનપુર ગામમાં દરોડો પાડીને જુગાર રમી રહેલા ચાર શખ્સોને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ત્રણ અલગ અલગ સ્થળોએ દરોડા પાડીને ૧૧ જુગારીઓ પકડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૧ પોલીસ મથકને ગઈરાત્રે શ્રાવણિયા જુગારની અલગ અલગ બે બાતમીના આધારે બે સ્થળોએ દરોડા પાડયા હતા. આદીવાડા ગામમાં કમળાબેન બાબુજીના ઘરની સામેની ખૂલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની માહિતી આધારે દરોડો પાડીને બાજી માંડીને બેઠેલા વાવોલ રહેતા જેઠા ભોલા મારવાડી, આદીવાડા રહેતા છગન હજારી માજીરાણા અને લાલા ચુંથા મારવાડી મળીને ત્રણ શખ્સોને કુલ રૂ. ૨૭૩૦ની રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. તે ઉપરાંત સેક્ટર-૧૬ પાસે આવેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં અશોક વાડીલાલ દંતાણી, રાજુ ધના પ્રજાપતિ, લાલસિંહ ચંદુજી ડાભી અને જયદીપ રામસિંહ મકવાણા નામના ચાર શખ્સોને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. તેમની પાસેથી પોલીસે રોકડ રૂપિયા ૧૬,૯૧૦ તથા બે મોબાઈલ મળી કુલ રૂ. ૨૮,૯૧૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવતા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ડભોડા પોલીસે બાતમીના આધારે રતનપુર ગામમાં દરોડો પાડીને હરેશ કાળુ ડામોર, બનેસિંહ રાજુજી બિહોલા, નટુ રૂમાલ ઠાકોર અને નરેશ મંગા વાઘેલા મળીને ચાર શકુનીઓને રોકડ રૂ.૧૧,૫૪૦ ની કિંમત ના મુદ્દામાલ સાથે જુગાર રમતા પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લેકાવાડા પાસે નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા જતા ડૂબી જવાથી શ્રદ્ધાળુનુ મૃત્યુ

## પેથાપુરના શ્રદ્ધાળુ મૂર્તિ પધરાવવા ગયા ત્યારે પગ લપસી જતા નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા

ગાંધીનગર, તા. ૨૧

દશામાના વ્રત પૂર્ણ થતા દશામાતાની મૂર્તિઓ નદીમાં વિસર્જન કરવા શ્રદ્ધાળુઓના ટોળા ઊમટે છે ત્યારે આજે વહેલી સવારે લેકાવાડા પાસે સાબરમતી નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા જતા પેથાપુરના એક ૫૦ વર્ષીય શ્રદ્ધાળુનો પગ લપસી જતા નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ડૂબી રહેલા શ્રદ્ધાળુને બચાવવા અન્ય શ્રદ્ધાળુઓએ પણ ખૂબ મહેનત કરી પરંતુ નદીમાં ગરકાવ થઈ ગયેલા આ શ્રદ્ધાળુને બચાવી શકાયા ન હતા. ચિલોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ શરૂ કરે છે.

પ્રાપ્ત વિગત અનુસાર પેથાપુર ખાતે તરપોજ વાસમાં રહેતા ૫૦ વર્ષીય દેવાજી મગનજી ઠાકોર આજે સવારે દશામાંના વ્રત પૂર્ણ થતાં લેકાવાડા પાસે આવેલ સાબરમતી નદીમાં મૂર્તિ વિસર્જન કરવા માટે પહોંચ્યા હતા. દશામાંની મૂર્તિ વિસર્જન કરવા નદી પાસે પહોંચેલા દેવાજીનો પગ મૂર્તિ પધરાવવા જતા લપસી ગયો હતો અને તેઓ પળવારમાં નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મૂર્તિ પધરાવવા આવેલા અન્ય શ્રદ્ધાળુઓએ ડૂબી રહેલા દેવાજી ઠાકોરને બચાવવા પ્રયત્નો કર્યા પરંતુ પાણીમાં ગરકાવ થઈ ગયેલા દેવા જેનો કોઈ પત્તો ન લાગતા તેમને બચાવવામાં નિષ્ફળતા મળી હતી. આ ઘટના અંગે ચિલોડા પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને નદીના પાણીમાં તેની શોધખોળ શરૂ કરી હતી દરમ્યાન દેવાજીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી ઘટનાની તપાસ શરૂ કરી છે.

# નારાયણી હાઈટસ ખાતે બે દિવસીય 'મોનસુન મેલા'નો પ્રારંભ

## પૂર્વ મંત્રી નિર્મલાબેન વાઘવાણીના હસ્તે ઉદઘાટન કરાયું : હાથ બનાવટની રાખડીઓ, પરંપરાગત વસ્ત્રો સહિત ચીજવસ્તુઓના ૧૦૦થી વધુ સ્ટોલ્સ સાથે કિડસ ફેશન શોનું આયોજન





ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર પાસેના ભાટ ખાતે સ્થિત નારાયણી હાઈટસમાં નારાયણી કલબ દ્વારા 'મોનસુન મેલા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મોનસુન મેલાનું ઉદઘાટન રાજય સરકારના પૂર્વ મંત્રી નિર્મલાબેન વાઘવાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. મોનસુન મેલા તા. ૨૧ એન ૨૨મી ઓગસ્ટ દરમિયાન સવારે ૧૦ થી રાત્રિના ૮ વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

આજથી પ્રારંભ થયેલા 'મોનસુન મેલા'માં સૌથી વધુ સ્ટોલ્સનું આયોજન કરાયું છે. જે માટે પ્રદર્શન કર્તા ભરતભરમાંથી પધાર્યા છે. મોનસુન મેલામાં ગુપ્તાઝ જવેલરીનું લોન્ચીંગ કરશે તથા કિડસ ફેશન શૉ જવા આકર્ષણો રંગ જમાવશે. બે દિવસ ચાલનારા આ મોનસુન મેલામાંનારાયણી કલબ દ્વારા કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સાથે મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને પ્રદર્શન કરવાનો અવસર આપવાનો હેતુ રહેલો છે. જેમાં ગ્રામીણ અને શહેરી વ્યવસાયલક્ષી સંયોજન સાથે મહિલાઓ દ્વારા સામાજીક જીવનમાં કુશળતા તથા સ્વનિર્ભરતાના પ્રયત્નોના પ્રોત્સાહનના ભાગરૂપે આયોજન કરવામાં આવ્યું છે. મોનસુન મેલામાં વિવિધ સ્ટોલ્સ દ્વારા હાથ બનાવટની રાખડીઓ, ભાતીગળ અને પરંપરાગત વસ્ત્રો, ગિફટ આર્ટિકલ્સ, ગૃહશોભાની વસ્તુઓ વગેરે પ્રદર્શિત કરવામાં આવી છે તેમજ મોનસુમેલામાં બાળકો માટે ફેશન શૉ, સંગીત, ખાણીપીણી સહિત બાળકોના મનોરંજન માટે વિવિધ આયોજનો કરાયા છે.